# કાળિંગણીં માતાજીનું મંદિર

આશરે પાંચસો વર્ષ પુરાણું કાલિંદી અથવા કાળિંગણીં માતાજીનું મંદિર બુચરવાડા પંચાયત સ્થિત પટેલવાડી ગામનાં આંબાવાડી વિસ્તારની ઉત્તર દિશાએ અને દીવ વિસ્તારથી નવ કિલોમીટર દૂર આવેલ છે. કાલિંદીનું અપભ્રંશ કાળિંગણીં માતા થયું જણાય છે. હાલમાં આ મંદિર જય ભવાની માતાના નામથી પણ ઓળખાય છે. આ મંદિરનું ક્ષેત્રફળ આશરે ત્રણસો ચોરસ મીટર છે.



આ તસવીરમાં કાળિંગણીં માતાજીનું મંદિર નજરે પડે છે. છબી સૌજન્ય વિજય કુમળદાસ.

આ મંદિરના પ્રવેશદ્વાર પર આવેલ ત્રણ પગથિયાં પાર કરી અંદર જતાં એક વિશાળ ચોકમાં થઈ ડાબી બાજુ આવેલ મંદિરના ગર્ભગ્રહમાં તેર પગથિયાં નીચે ઊતરી ભીતર પ્રવેશાય છે, જ્યાં સામે પૂર્વ દિશા તરફ કાલિંદી માતાજીની સિંદૂરથી લેપન કરેલી સુશોભિત મૂર્તિના દર્શન થાય છે. દીવ વિસ્તારના તેમજ બહારના અસંખ્ય શ્રદ્ધાળુઓ માતાજીના દર્શનાર્થે અહીં આવે છે.




આ તસવીરમાં મંદિરનું મુખ્ય પ્રવેશદ્વાર નજરે પડે છે. છબી સૌજન્ય ભાવેશ રમેશચંદ્ર.

## મંદિરનો ઇતિહાસ

કાલિંદી માતાજીનું આ મંદિર દીવ ટાપુની વચ્ચોવચ આવેલ છે. સૌ પ્રથમ માતાજી 'આઈના બરડા' નામના ડુંગર પર પ્રકટ થયાં હતાં, જેમના શિવપુરાણમાં આલેખાયેલ ઇતિહાસ પ્રમાણે ઉમિયાજી જયારે યજ્ઞકુંડમાં કૂદી પડ્યાં ત્યારે વીરભદ્ર નામના રુદ્રગણે યજ્ઞનો ધ્વંસ કર્યો અને મહાદેવજી પાર્વતીજીના દેહને લઈને ભાગ્યા. આ દેહ સળગતો હતો જેથી તેનાં અંગો પૃથ્વી પર જ્યાં પડ્યા હતા ત્યાં શક્તિ પીઠો ઊભી થઈ છે. એવો જ મસ્તકનો એક ભાગ દેવભદ્રના એક ડુંગર ઉપર પડ્યો. આ મસ્તકના ટુકડા સાથે બરડાનો એક અવયવ જોડાયેલ હોવાથી આ ડુંગર 'આઇના બરડા' તરીકે ઓળખાય છે.

આ ડુંગર અત્યારના મંદિરથી પશ્ચિમે આવેલ છે, જેના ઉપર કાલિંદી માતા હજારો વર્ષો સુધી પૂજાતાં રહ્યાં. કાળક્રમે ડુંગર ફાટતા માતાજી ડુંગરમાં નીચે ઉતરતા ગયાં, જેથી લોકોને દર્શન કરવા જવામાં અનેક મુસીબતો ઊભી થવા લાગી.

દીવ સમુદ્ર વચ્ચે આવેલ એક ટાપુ હોવાથી અહીંની પ્રજા સાહસિક અને સાગર ખેડુ હતી, જે દરિયાઈ માર્ગે પ્રવાસ કરી વિદેશોમાં જઈ સમૃદ્ધ બની હતી. આ પ્રજામાં ભોઈ પ્રજા ખૂબ કુશળ હતી. આ ભોઈમાં પદ્મો નામનો એક ભોઈ ખુદ દેવી ભક્ત હતો જે તેરમાં સૈકામાં થઈ ગયો. એ જયારે વિદેશની સફર કરી વતન પાછો ફરતો ત્યારે માતાજીના દર્શને અવશ્ય જતો. એક રાત્રે કાલિંદી માતાએ તેને સ્વપ્નમાં દર્શન દઈ તેમને આઈના બરડા ઉપરથી સપાટ પ્રદેશમાં લઈ જવાનું સૂચવ્યું. પરંતુ શરત એ હતી કે પોતાના પુત્રને તેણે શહીદી માટે તૈયાર રાખવો અને માતાજીને ત્યાં લઈ જતી વેળા નીચે ન મૂક્તાં પોતાના પુત્રના શિર

ઉપર મૂકવાં. બીજે દિવસે પદ્મો ભોઈ અને તેનો પુત્ર આઈના બરડા તરફ ચાલ્યા. રાત્રીના અંધકારમાં કાલિંદી માતાને ખભા ઉપર ઉપાડી પૂર્વ દિશા તરફ ચાલ્યો અને સપાટ મેદાન પર આવતાં અને પોતાને ભાર લાગતાં માતાજીને નીચે ઉતાર્યાં. તે પોતાના પુત્રને ભૂલી ગયો જેથી માતાજી પૃથ્વીમાં ગરકાવ થવા લાગ્યાં ત્યાં તરત જ તેના પુત્રે કૂદી પડીને માતાજીને રોકી દીધાં. એ જ સ્થાને આજે જમીનની નીચે મંદિરના ગર્ભગ્રહમાં કાલિંદી માતા બિરાજમાન છે. આ રીતે ઇતિહાસમાં પદ્મા ભોઈનું નામ પણ અમર થઈ ગયું.



આ તસવીરમાં મંદિરનું મુખ્ય પ્રવેશદ્વાર પાર કરી અંદર જતાં વિશાળ ચોકની ડાબી બાજુ મંદિરના ગર્ભગ્રહમાં ઊતરવા માટેનાં બે પ્રવેશદ્વાર જોવા મળે છે. છબી સૌજન્ય વિજય કુમળદાસ.



આ તસવીરમાં મંદિરના ગર્ભગ્રહમાં બિરાજમાન કાળિંગણીં માતાના દર્શન થાય છે. છબી સૌજન્ય ભાવેશ રમેશચંદ્ર.



આ તસવીરમાં મંદિરના ગર્ભગ્રહમાં સ્થિત દીવાલ પર લાદીમાં જડેલ દેવતાઓના સુશોભિત ચિત્રો તેમજ તેઓના વાહનના પ્રતીકરૂપે વાઘ નજરે પડે છે. છબી સૌજન્ય ભાવેશ રમેશચંદ્ર.

પાછળથી સંન્યાસી લક્ષમણ ગિરિજીએ આ દિવ્ય અને પવિત્ર સ્થળે આશ્રમ સ્થાપીને એને રમણીય બનાવ્યું જ્યાં તેમની સમાધિ આજે પણ મોજૂદ છે. દીવ વિસ્તારમાં વસ્તી વિવિધ જ્ઞાતિઓના મહાજનો કે જેમાં ભોઈ, પારસી, વાણિયા, બ્રાહ્મણ વગેરે પચરંગી પ્રજાઓનો સમાવેશ થાય છે, જેઓએ છેલ્લી ચાર સદીઓથી

વહીવટ સંભાળેલ છે. આ સ્થળ એક મહત્ત્વનું યાત્રા સ્થળ હોવાથી ચૈત્રી પૂનમના રોજથી ત્રણ દિવસનો મહોત્સવ મેળો યોજાય છે.

અત્યારે મંદિરના પ્રાંગણમાં નવું રામદેવ પીર અને શિવમંદિર સ્થિત છે. કાલિંદી માતા દીવ વાસીઓની અને દીવના બહાદુર સાગર પુત્રોની યોગક્ષેમ રક્ષકમાતા છે.



આ તસવીરમાં કાળિંગણીં માતાજીના મંદિરના પ્રાંગણમાં સ્થિત નવું રામદેવ પીર અને શિવમંદિર જોવા મળે છે. છબી સૌજન્ય વિજય કુમળદાસ.



આ તસવીરમાં શિવજીની દેરી નજરે પડે છે, જેમાં શિવલીંગ સ્થાપિત છે. છબી સૌજન્ય વિજય કુમળદાસ.

**દીપક કનકસિંહ**

સંકલનકર્તા

આ લેખના ગુજરાતી ભાષાકીય સુધારો કરી આપવા બદલ હું મારા ભાઈ પ્રદીપ વસંતલાલનો નિષ્ઠાપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

આ લેખમાં દર્શાવેલ તસવીરો ઉપલબ્ધ કરી આપવા બદલ હું શ્રીમાન વિજય કુમળદાસ અને શ્રીમાન ભાવેશ રમેશચંદ્રનો પણ ખૂબ ખૂબ આભારી છું.